**તા.૨૧/૦૭/૨૦૨૫ સોમવારના રોજ ૩:૩૦ કલાકે વિભાગના કમિટી રૂમમાં મળેલ આઇ.ટી. કિમટીની બેઠકની કાર્યવાહી નોંધ.**

અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અધ્યક્ષ સ્થાને તા.૨૧/૦૭/૨૦૨૫ સોમવારના રોજ મળેલ આઇ.ટી.કમિટીની બેઠકમાં ઉપસ્થિત રહેલ સર્વે અધિકારીશ્રીઓને આવકારી બેઠકની શરૂઆત કરી, બેઠકના એજન્ડાની મુદ્દાવાર ચર્ચા વિચારણા કરી આઇ.ટી. કમિટીએ નીચે મુજબ નિર્ણય કરેલ છે.

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(ખુદ)ની દરખાસ્ત.

(૧) ઈ-સમાજ કલ્યાણ પોર્ટલને ઓપનસોર્સ ટેકનોલોજી અને કલાઉડ આધારીત સર્વર પર માઇગ્રેટ કરવા બાબતની દરખાસ્ત.

- આ વિભાગની વિવિધ યોજનાઓને Gujarat Info Petro Ltd (GIPL) દ્વારા ડેવલપ કરેલ ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પર ઓનલાઇન ઉપ્લલ્બ્ધ કરવામાં આવેલ છે. ઉકત પોર્ટલમાં અગાઉના ઇ-કલ્યાણ એપ્લીકેશનના હાર્ડવેરનો ઉપયોગ કરવામાં આવે છે. ઇ-કલ્યાણ એપ્લીકેશન માટેના હાર્ડવેર કે જે વર્ષ-૨૦૧૨ માં ખરીદવામાં આવેલ હતા. જે અત્યારે End Of Life (EOL)/Out of Support છે. આથી, આ સર્વરમાં Security Vulnerabilities/Security Audit માં ઉદ્ધભવતી સમસ્યાઓ સોલ્વ કરી શકાતી નથી તેમજ સર્વર જૂનાં હોવાથી અવારનવાર ઇ-સમાજ કલ્યાણ પોર્ટલનું સર્વર ડાઉન થવાની સમસ્યાઓ આવી રહેલ છે.
- આ સર્વરની સમસ્યાઓનું કાયમી અને લાંબાગાળાના સમાધાન માટે ઇ-સમાજ કલ્યાણ પોર્ટલને Gujarat State Data Center (GSDC) ખાતે ઓપન સોર્સ ટેકનોલોજી પર કલાઉડ આધારીત સર્વર પર માઇગ્રેટ કરવાનું થાય છે.
- આ બાબતે ઇ-સમાજ કલ્યાણ પોર્ટલને ઓપન સોર્સ ટેકનોલોજી અને કલાઉડ આધારીત સર્વર પર માઇગ્રેટ કરવા GIPL દ્વારા નીચેની વિગતે દરખાસ્ત મોકલી આપેલ છે.

| Particulars | GIPL Proposed Rate (Excl of Tax) |
|---|---|
| Conversion of eSamajkalyan portal to open-source technology | Rs.3,96,64,420 |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- વિજ્ઞાન અને પ્રદ્યોગિકી વિભાગના તા.૨૫/૧૦/૨૦૨૪ ના પત્રક્રમાંક:DST/MSM/e-file/24/2024/1217/E-Governance થી મળેલ સૂચનાનુસાર વિભાગ હેઠળ હાલમાં કર્યાન્વિત એપ્લિકેશનના રિવેમ્પિંગ માટે ઓપન સોર્સ પ્લેટફોર્મનો ઉપયોગ કરવાનો રહેશે. તેમજ આ વિભાગના ઇ-સમાજ કલ્યાણ પોર્ટલના સર્વર End of Life/End of Support હોઇ, ઇ-સમાજ કલ્યાણ પોર્ટલને Gujarat State Data Center (GSDC) ખાતે ઓપન સોર્સ ટેકનોલોજી પર કલાઉડ આધારીત સર્વર પર માઇગ્રેટ કરવા માટેની કામગીરી માટે GIPL એ કરેલ દરખાસ્તને આઇ.ટી.કમિટીએ મંજૂરી આપેલ છે.
- GIPL ને સદર કામગીરી નોમિનેશન આધારે આપતા હોઇ, GIPL ની દરખાસ્તનું DIT દ્વારા કરેલ વેટીંગના દરે ઉક્ત કામગીરી Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ઉક્ત કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(ખુદ) તથા વિભાગ હસ્તકની વેબસાઇટ અપગ્રેડ કરવાની દરખાસ્ત.

- આ વિભાગ(ખુદ) તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડા/બોર્ડ/નિગમ/ વગેરે મળીને કુલ-૧૩ વેબસાઇટ અપડેટ અને મેઇન્ટેનન્સની કામગીરી GIL ને આપેલ છે. આ તમામ વેબસાઇટ હાલ ASP.NET (Version 4.0) માં છે. જે જૂનું વર્ઝન હોવાથી વેબસાઇટમાં અમુક સુધારાઓ કરી શકાય તેમ નથી. આથી, વેબસાઇટને ઓપનસોર્સ ટેકનોલોજીમાં અપગ્રેડ કરવાની જરૂરીયાત છે. જેના પર વિચારણા તેમજ નિર્ણય કરવાની દરખાસ્ત.
- આ વિભાગ(ખુદ) તેમજ વિભાગ હસ્તકના ખાતાના વડા/બોર્ડ/નિગમ/ વગેરે મળીને કુલ-૧૩ વેબસાઇટના અપડેશન અને મેઇન્ટેનન્સની કામગીરી હાલ GIL કરે છે. જ્યારે, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ,ગુજરાત રાજ્ય બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અને ગુજરાત રાજ્ય વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની વેબસાઇટનું અત્યારે અપડેશન અને મેઇન્ટેનન્સ થતું નથી.

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- વિભાગ હસ્તકની તમામ માહિતી નાગરિકોને એક જ જગ્યએથી ઉપલબ્ધ થાય તે હેતુ થી આ વિભાગની કુલ-૧૭ વેબસાઇટના બદલે એક વેબસાઇટ બનાવવા Gujarat Informatics Ltd (GIL) પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવા આઇ.ટી. કમિટીએ નિર્ણય કરેલ છે.
- આ તમામ વેબસાઇટને વિજ્ઞાન અને પ્રદ્યોગિકી વિભાગની માર્ગદર્શિકા મુજબ Open Source Technology પર Single Comprehensive and Centralized Revamp કરવા માટેની વિગતવાર દરખાસ્ત GIL દ્વારા આ વિભાગને મોકલી આપવાની રહેશે.

(કાર્યવાહી: વિભાગ, ખાતાના વડાઓ/બોર્ડ/નિગમ/આયોગ, GIL)

## <u>નિયામકશ્રી, સમાજ સુરક્ષા</u>

(૩)નિયામકશ્રી(સમાજ સુરક્ષા) કચેરી હસ્તકની યોજનાઓના CM Dashboard Utility software for all schemes ના AMC ને મંજૂરી આપવાની <u>દરખાસ્ત.</u>(Proposal submitted by GIPL)

- પોટેલ : ઈ-સમાજ કલ્યાણ પોટેલ (ડેવલપર : GIPL)
- કામગીરી : AMC Renewal of CM Dashboard Utility Software for all Schemes

| No. | Particulars | Work Order Cost (A) | AMC Contract Period | GIPL Proposed Rate | DIT Vetted Rate @15% |
|---|---|---|---|---|---|
| 1 | AMC of CM Dashboard's Utility software for all schemes | Rs. 4,58,333<br>(1,58,333 Software + 3,00,000 CRN) | 01/10/2022<br>To<br>30/09/2025<br>**(3 Year)** | Rs.2,06,250 | **Rs.2,06,250** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની ઉક્ત CM Dashboard Utility software for all schemes માટે તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા માટે Annual Maintenance Contract (AMC) ની કામગીરી DIT દ્વારા કરવામાં આવેલ વેટીંગના દરે Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ પાશ્ચાર્તવર્તી અસરથી મંજૂરી આપેલ છે.
- ઉક્ત AMC ની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચન કરેલ છે કે, ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પરના ચાલુ AMC નો સમયગાળો પૂર્ણ થાય તે પહેલા AMC Renewal માટે જરૂરી મંજૂરીઓ મેળવી લેવાની રહેશે.

(૪) નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની વડી કચેરી અને જિલ્લા કચેરીઓ માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર ખરીદવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની વડી કચેરી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓની કચેરીઓ/સરકરી શાળાઓ/ગૃહો/સંસ્થાઓ/ માટે નીચે મુજબના નવા કોમ્પ્યુટર અને પ્રિન્ટર ખરીદવાની જરૂરીયાત છે.

| હાર્ડવેરની વિગત | વડી કચેરીનો જથ્થો | જિલ્લા કચેરી/સંસ્થાઓનો જથ્થો | કુલ જથ્થો | ભાવ | કુલ રકમ |
|---|---|---|---|---|---|
| ડેસ્કટોપ કોમ્પ્યુટર | ૨૦ | ૯૦ | ૧૧૦ | રૂ.૫૦,૦૦૦ | રૂ.૫૫,૦૦,૦૦૦ |
| પ્રિન્ટર | ૦ | ૯૦ | ૯૦ | રૂ.૩૦,૦૦૦ | રૂ.૨૭,૦૦,૦૦૦ |
| | | | | કુલ | રૂ.૮૨,૦૦,૦૦૦ |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ

(૫) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની શિષ્યવૃત્તિ યોજનાઓની સૂચારૂ કામગીરી માટે NIC,ગાંધીનગર માટે ૦૬-નંગ કોમ્પ્યુટર ખરીદવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની શિષ્યવૃત્તિ યોજનાઓનું અમલીકરણ NIC દ્વારા ડેવલપ કરેલ ડિજિટલ ગુજરાત પોર્ટલ માટે નીચે મુજબના નવા ૦૬-નંગ કોમ્પ્યુટર ખરીદવાની જરૂરીયાત છે.
- Specifications : (Recommended by NIC)
  1. i-9 13$^{th}$ Generation Processor
  2. Intel/Giga byte Motherboard,
  3. 1-1 TB SSD Hard Disk (Two SSD)
  4. 2 TB Regular Hard Disk
  5. 64 GB RAM,
  6. GT730 Graphics Card 4GB
  7. 24" LED Screen
  8. Wireless Mouse Keyboard
  9. Cabinet
  10. Windows-11 License

| હાર્ડવેરની વિગત | કુલ જથ્થો | અંદાજિત કિંમત | અંદાજિત કુલ કિંમત |
|---|---|---|---|
| ડેસ્કટોપ કોમ્પ્યુટર | ૦૬ | રૂ.૧,૨૦,૦૦૦ | રૂ.૭,૨૦,૦૦૦ |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.
- વધુમાં, સદર ડેસ્કટૉપ કોમ્પ્યુટર High Specification ના હોવાથી ખરીદ પ્રક્રિયા શરૂ કરતાં પહેલા વિજ્ઞાન અને પ્રદ્યોગિકી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

(૬) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયો ખાતે CCTV કેમેરા સિસ્ટમ ખરીદવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) હસ્તકની ૨૫-આદર્શ નિવાસી શાળાઓ અને ૭૯-સરકારી છાત્રાલયોમાં CCTV લગાવવા રૂ.૧૬.૬૪ કરોડની નવી બાબતને વર્ષ:૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં વહીવટી મંજૂરી મળેલ છે.
- CCTV ની ખરીદી માટે GIL દ્વારા Bulk Bid પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં આવેલ L1 Agency (M/s Exileo Technology Inc)ની અને L1 ભાવની વિગતો નીચે મુજબ છે. જે ખરીદવાની દરખાસ્ત.

| શાળા/છાત્રાલય | શાળા/છાત્રાલયની સંખ્યા | જરૂરી CCTV નો જથ્થો | L1 Price (As per GIL Bid) |
|---|---|---|---|
| આદર્શ નિવાસી શાળા | ૨૫ | ૬૨૫ | રૂ.૪,૭૨,૫૫,૮૫૦ |
| સરકારી છાત્રાલય | ૭૯ | ૧૧૮૫ | રૂ.૧૧,૪૩,૭૪,૯૩૬ |
| GIL service Charge | 3% of Order Value | | રૂ.૪૮,૪૮,૯૨૪ |
| કુલ ખર્ચ | | | રૂ.૧૬,૬૪,૭૯,૭૧૦ |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) હસ્તકની ૨૫-આદર્શ નિવાસી શાળાઓ અને ૭૯-સરકારી છાત્રાલયો માટે CCTV ની Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરેલ બલ્ક બીડમાં આવેલ L1 Agency M/s Exileo Technology Inc પાસેથી L1 Price થી ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- સદર ખરીદી રૂ.૧ કરોડથી ઉપરની હોઇ, સદર દરખાસ્તને SPC(IT)ની મંજૂરી મેળવવાની રહેશે.
- ~~નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ની કચેરી માટે નવા ડેસ્કટોપ કોમ્યુટર ખરીદવાની દરખાસ્ત.~~

(૭) નિયામશ્રી(અ.જા.ક.)ની વડી કચેરી માટે અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ માટે નીચે મુજબના નવા ડેસ્કટોપ કોમ્યુટર ખરીદી કરવાની દરખાસ્ત.

| Sr | Hardware | Qty | Unit Price (Approx) | Total Cost (Approx) |
|---|---|---|---|---|
| 1 | Desktop Computer | 16 | Rs.62,500 | Rs.10,00,000 |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ

(૮) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયો ખાતે CCTV કેમેરા સિસ્ટમ ખરીદવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(વિજાક) હસ્તકની ૩૦-આદર્શ નિવાસી શાળાઓ અને ૫૭-સરકારી છાત્રાલયોમાં CCTV લગાવવા રૂ.૧૩.૦૫ કરોડની નવી બાબતને વર્ષ:૨૦૨૫-૨૬ ના અંદાજપત્રમાં વહીવટી મંજૂરી મળેલ છે.
- CCTV ની ખરીદી માટે GIL દ્વારા Bulk Bid પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં આવેલ L1 Agency (M/s Exileo Technology Inc)ની અને L1 ભાવની વિગતો નીચે મુજબ છે. જે ખરીદવાની દરખાસ્ત.

| શાળા/છાત્રાલય | શાળા/છાત્રાલયની સંખ્યા | જરૂરી CCTV નો જથ્થો | L1 Price (As per GIL Bid) |
|---|---|---|---|
| આદર્શ નિવાસી શાળા | ૩૦ | ૬૬૦ | રૂ.૫,૩૧,૩૨,૮૨૦ |
| સરકારી છાત્રાલય | ૫૭ | ૭૪૧ | રૂ.૭,૭૬,૪૭,૬૨૩ |
| | | કુલ કિંમત | **રૂ.૧૩,૦૭,૮૦,૪૪૩** |
| GIL service Charge | 3% of Order Value | | રૂ.૩૯,૨૩,૪૧૩ |
| | | કુલ ખર્ચ | **રૂ.૧૩,૪૭,૦૩,૮૫૬** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) હસ્તકની ૩૦-આદર્શ નિવાસી શાળાઓ અને ૫૭-સરકારી છાત્રાલયો માટે CCTV ની Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરેલ બલ્ક બીડમાં આવેલ L1 Agency M/s Exileo Technology Inc પાસેથી L1 Price થી ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- સદર ખરીદી રૂ.૧ કરોડથી ઉપરની હોઇ, સદર દરખાસ્તને SPC(IT)ની મંજૂરી મેળવવાની રહેશે.

(૯) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની કચેરીઓ અને આદર્શ નિવાસી શાળાઓ માટે હાઇ સ્પીડ સ્કેનર ખરીદવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(વિજાક)ની કચેરી માટે ૭૫-નંગ હાઇ-સ્પીડ સ્કેનરની ખરીદી GIL ની Bulk Bid મારફત કરવા તા.૨૪/૦૬/૨૦૨૪ ની આઇ.ટી. કમિટીમાં સૈદ્ધાંતિક મંજૂરી મળેલ હતી.
- વધુમાં, નિયામકશ્રી(વિજાક) હસ્તકની ૩૩-આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબ અને શાળાના સ્ટાફ માટે ૯૯-નંગ હાઇ-સ્પીડ સ્કેનરની ખરીદી GIL ની Bulk Bid મારફત કરવા તા.૦૮/૦૮/૨૦૨૩ ની આઇ.ટી. કમિટીમાં સૈદ્ધાંતિક મંજૂરી મળેલ હતી.
- GIL દ્વારા હાઇ સ્પીડ સ્કેનરની ખરીદી માટે કરેલ Bulk Bid માં આવેલ L1 Agency ની ૧૧૧ મી SPC(IT)ની મંજૂરી મેળવેલ છે. જેની વિગત નીચે મુજબ છે. L1 Agency પાસેથી નીચે મુજબના સ્કેનર ખરીદવાની દરખાસ્ત.

| Sr | Hardware | L1 Agency | Qty | L1 Rate | Total Price |
|---|---|---|---|---|---|
| 1 | A4 Size Duplex Scanner (Canon DR-C230) (નિયામકશ્રી(વિજાક)ની કચેરીઓ માટે) | M/s Earth Syscon Private Limited | 75 | Rs.14,180 | Rs.10,63,500 |
| 2 | A4 Size Duplex Scanner (Canon DR-C230) (૩૩-આદર્શ નિવાસી શાળા માટે) | | 99 | Rs.14,180 | Rs.14,03,820 |
| | GIL Service charge @ 3% of Total price | | | | Rs.74,020 |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની કચેરીઓ માટે ૭૫-નંગ અને નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) ૩૩-આદર્શ નિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટર લેબ અને શાળાના સ્ટાફ માટે ૯૯-નંગ હાઇ-સ્પીડ સ્કેનરની Gujarat Informatics Ltd. (GIL) દ્વારા કરેલ બલ્ક બીડમાં આવેલ L1 Agency M/s Earth Syscon Private Limited પાસેથી L1 Price થી ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

( ૧૦) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) કચેરી હસ્તકની ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પરની ૦૩-કોચિંગ સહાય યોજનાઓના AMC ને મંજૂરી આપવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) કચેરી હસ્તકની ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પરની નીચેની ત્રણ કોચિંગ યોજનાઓનો ચાલુ AMC તા.૦૩/૦૫/૨૦૨૫ ના રોજ સમાપ્ત થયેલ છે. માટે આગામી AMC તા.૦૪/૦૫/૨૦૨૫ થી ૦૩/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા માટે AMC આપવા GIPL દ્વારા દરખાસ્ત મોકલી આપવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

| Sr. No. | Particulars | AMC Period | Work Order Cost (Without GST) | AMC Cost (15% of Work Order per year (Excl. Taxes) |
|---|---|---|---|---|
| 1 | AMC of Coaching Assistance for NIFT/CEPT/NLU Exam Preparation's software application | 04/05/2025 | 2,53,991 | 38,098.65 |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | AMC of Coaching Assistance for Class-1,2,3 Exam Preparation's software application | To<br><br>03/05/2026 | 2,53,991 | 38,098.65 |
| 3 | AMC of Coaching Assistance for NEET/JEE/PMT/GUJCET Exam Preparation's software application | | 2,53,991 | 38,098.65 |
| | | | Total Cost | **1,14,296** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની ઉક્ત ૦૩-કોચિંગ સહાય યોજનાઓના મેઇન્ટેનન્સના સમયગાળાને ઇ-સમાજ કલ્યાણ પરની બાકીની યોજનાઓના મેઇન્ટેનન્સના સમયગાળા સાથે સુસંગત કરી શકાય તે માટે ઉક્ત ૦૩-કોચિંગ સહાય યોજનાઓ માટે **તા.૦૪/૦૫/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫** સુધીના સમયગાળા માટે Maintenance Contract ની કામગીરી Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- GIPL ની ઉક્ત દરખાસ્તનું Directorate of ICT & e-Governance (DIT) પાસે વેટીંગ કરાવવાની શરતે આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ઉક્ત મેઇન્ટેનન્સની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

## ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

(૧૧) PM-AJAY હસ્તકની SCA To SCSP યોજના હેઠળ કોમ્પ્યુટર લેબ બનાવવા માટે કોમ્પ્યુટર અને પ્રિન્ટર ખરીદવાની દરખાસ્ત.

**નિગમની ૭૮ મી બોર્ડ બેઠકમાં નિર્ણય:**

- તા.૨૫/૦૩/૨૦૨૧ ના રોજ ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની નિયામક મંડળની બેઠકમાં કાર્યસૂચિ ક્રમાંક-૭૮(૮): "વર્ષ-૨૦૧૯-૨૦ માં SCA to SCSP માં મળેલ "માળખાગત સુવિધા યોજનાની" ગ્રાન્ટનો ખર્ચ કરવા બાબત પર નીચે મુજબ ઠરાવ થયેલ હતો.

**બેઠકમાં ઠરાવ:** વર્ષ:૨૦૧૯-૨૦ માં SCA to SCSP માં મળેલ "માળખાગત સુવિધા યોજના"ની ગ્રાન્ટનો ખર્ચ કરવા સરકારશ્રીની ખરીદ નીતિ ધ્યાને રાખી Gem Portal હેઠળ મેનેજીંગ ડિરેક્ટરશ્રીને કાર્યવાહી કરવા સારૂ મંજૂરી આપતો ઠરાવ કરવામાં આવ્યો.

- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ દ્વારા કોમ્પ્યુટર લેબ માટે નીચેની વિગતના કોમ્પ્યુટર અને પ્રિન્ટરની ખરીદી કરવા આઇ.ટી. કમિટી સમક્ષ દરખાસ્ત કરેલ છે.

| Hardware | Qty per School | Total Qty | Approx Cost per piece | Total cost |
|---|---|---|---|---|
| Desktop Computer | 25 | 625 | Rs.70,000 | Rs.4,37,50,000 |
| Multifunction Printer | 4 | 100 | Rs.24,500 | Rs.24,50,000 |
| | | | Total Cost | **Rs. 4,62,00,000** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી Gujarat Informatics Ltd.(GIL)ના સ્પેસિફિકેશન મુજબ Gem Portal પરથી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.

## ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ

(૧૨) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પરની યોજનાઓમાં જરૂરી સુધારા કરવા માટેની દરખાસ્ત.

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની નીચેની ચાર લોન યોજનાઓનું અમલીકરણ GIPL દ્વારા ડેવલપ ઇ-સમાજકલ્યાણ પોર્ટલ પરથી થાય છે.
  1. Foreign Education Loan Scheme
  2. Self-Employment Loan Scheme
  3. Commercial Pilot training Loan
  4. Education Loan Scheme
- ઉક્ત લોન યોજનાઓમાં લોન રિકવરી પ્રક્રિયામાં જરૂરી સુધારા અને પેમેન્ટ રિમાઇન્ડરની સુવીધા માટે GIPL દ્વારા નીચે મુજબ Additional Work Note (AWN)ની દરખાસ્ત મોકલી આપેલ છે.

| Sr No. | Particulars | GIPL Proposd (Excl Taxes) | DIT Vetted Rate |
|---|---|---|---|
| 1 | Loan Recovery Process for Recovery Module | Rs.3,29,840 | Rs.2,57,675 |
| 2 | Offline Loan Disbursement and Report in Recovery Module | Rs.6,32,178 | Rs.3,12,041 |
| 3 | Payment Reminder Feature in Loan Schemes | Rs.9,48,270 | Rs.4,08,244 |
| | Total Cost (Excl. Taxes) | Rs. 19,10,288 | Rs.9,77,960 |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ની ચાર લોન યોજનાઓમાં લોન રિકવરી પ્રક્રિયામાં જરૂરી સુધારા અને પેમેન્ટ રિમાઇન્ડરની સુવીધા માટેની GIPL ની Additional Work Note (AWN) ની કામગીરી DIT દ્વારા કરવામાં આવેલ વેટીંગના દરે Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ઉક્ત AWN ની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૩) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વેબસાઇટ ડેવલપ કરવા માટેની દરખાસ્ત.

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વેબસાઇટ અદિત માઇક્રોસિસ પ્રા.લી. દ્વારા ડેવલપ કરવામાં આવેલ જે Static હોઇ સરકારશ્રીમાંથી મળેલ સૂચનાઓ મુજબ નિગમની વેબસાઇટમાં વિગતો સરળતાથી અદ્યતન કરી શકાતી. નિગમની વેબસાઇટ માટે હાલ અપડેશન અને મેઇન્ટેનન્સ માટે કોઇ AMC આપવામાં આવેલ નથી. આથી, નિગમની વેબસાઇટને ડેવલપ કરવા માટે Gujarat Informatics Ltd (GIL) પાસેથી દરખાસ્ત મંગાવવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| Sr No. | Particulars | GIL Proposed | DIT Vetted Rate |
|---|---|---|---|
| 1 | Design, Development, and Maintenance of the website for GUEEDC. (1 Year AMC included) | Rs.5,31,523 | Rs.4,89,281 |
| 2 | Security Audit | Rs.8000 | |
| | Total Cost (Excl.Taxes) | Rs.5,39,523 | |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- આ બેઠકના એજન્ડા-૨ માં આઇ.ટી. કમિટીએ આ વિભાગની કુલ-૧૭ વેબસાઇટના બદલે એક વ્યાપક વેબસાઇટ બનાવવા Gujarat Informatics Ltd (GIL) પાસેથી વિગતવાર દરખાસ્ત મંગાવવા નિર્ણય કરેલ છે. જેમાં , ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની વેબસાઇટનો પણ સમાવેશ કરવામાં કરવામાં આવેલ છે. જે મુજબ કાર્યવાહી કરવા આઇ.ટી. કમિટીએ નિર્ણય કરેલ છે.

(૧૪) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની કચેરી માટેના પ્રિન્ટરની ખરીદીમાં આવેલL1 ને મંજૂરી આપવાની દરખાસ્ત.

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની કચેરી માટે ૨૦-નંગ પ્રિન્ટરની ખરીદી કરવા તા.૨૪/૦૬/૨૦૨૪ ની આઇ.ટી. કમિટીમાં સૈદ્ધાંતિક મંજૂરી મળેલ હતી. જે મુજબ નિગમ દ્વારા આ ૨૦-નંગ પ્રિન્ટરની ખરીદી GIL ની Bulk Bid મારફત કરવા GIL ને જણાવેલ. આ ૨૦-નંગ પ્રિન્ટરની ખરીદ પ્રક્રિયામાં આવેલ L1 ની વિગત નીચે મુજબ છે.

| Sr | Hardware | L1 Agency | Qty | L1 Rate | Total Price |
|---|---|---|---|---|---|
| 1 | A4 size duplex printer (Brother HL-B2180DWB) | M/s Armee Infotech Ltd | 20 | Rs.19018 | Rs.3,80,360 |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ની કચેરી માટે ૨૦-નંગ પ્રિન્ટરની Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરેલ બલ્ક બીડમાં આવેલ L1 Agency M/s Armee Infotech Ltd પાસેથી L1 Price થી ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે , GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ , GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ

(૧૫) ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની કચેરી માટે આઇ.ટી. હાડવેર ખરીદવાની દરખાસ્ત.

- ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ રાજ્યમાં બાળકોના અધિકારોની રક્ષા અને સંવર્ધન માટે સતત કાર્યરત છે.આયોગમાં અત્યરે કુલ-૧૮ નું મહેકમ છે. આયોગની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે આધુનિક આઇ.ટી. સાધનો અને ડિજિટલ માળખુ હોવુ આવશ્યક છે. વર્ષ-૨૦૧૨ માં ખરીદવામાં આવેલ આઇ.ટી. હાર્ડવેર આયોગ ખાતે ઉપલબ્ધ છે જે ખૂબ જૂના હોવાથી અત્યારની કામગીરી માટે યોગ્ય નથી. આથી, આયોગની કચેરીની સૂચારૂ કામગીરી માટે નીચે મુજબના નવા હાર્ડવેર ખરીદવાની જરૂરીયાત છે.

| Sr | Hardware Name | Qty | Unit Price (Approx) | Total Cost (Approx) |
|---|---|---|---|---|
| 1 | Desktop Computer | 15 | 85,000 | 12,75,000 |
| 2 | Printer | 15 | 18,000 | 2,70,000 |
| 3 | Tablet | 5 | 85,000 | 4,25,000 |
| 4 | 55” Smart LED TV | 2 | 45,000 | 90,000 |
| 5 | DSLR Camara | 1 | 60,000 | 60,000 |
| 6 | External SSD Drive (1TB) | 5 | 10,000 | 50,000 |
| 7 | Xerox Machine | 1 | 1,25,000 | 1,25,000 |
| Total Cost | | | | **22,95,000** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરમાંથી નીચે મુજબના હાર્ડવેરની ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે. જ્યારે દરખાસ્તના ક્રમ-૩ સામેના ૦૫-નંગ ટેબલેટની ખરીદીને આઇ.ટી.કમિટીએ નામંજૂર કરેલ છે.

| Sr | Hardware Name | Qty |
|---|---|---|
| 1 | Desktop Computer | 9 |
| 2 | Printer | 9 |

- આ હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવાની રહેશે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ મંજૂર થયેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડની ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં મંજૂર કરેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## ગુજરાત ગોપાલક વિકાસ નિગમ

(૧૬) ગુજરાત ગોપાલક વિકાસ નિગમની કચેરી માટે આઇ.ટી. હાર્ડવેર ખરીદવાની દરખાસ્ત.

- નિગમની ધિરાણ,વસુલાત અને અન્ય તમામ પ્રકારની કામગીરી કોમ્પ્યુટર મારફતે થાય છે. જેમાં અરજદારોની ઓનલાઇન અરજીઓની ચકસણી કરવી, નોટીસ જનરેટ કરવી વગેરે કામગીરી કરવાની રહે છે.હાલમાં, નિગમ પાસે ઉપલબ્ધ હાર્ડવેરનો મરામતનો ખર્ચ વધુ આવે છે. જેથી જૂના હાર્ડવેર કન્ડમ કરી તેની જગ્યાએ નવા હાર્ડવેર ખરીદવાના થાય છે. તેમજ નિગમ ખાતે હાલ સ્કેનર ઉપલબ્ધ નથી. આથી, નિગમની સૂચારૂ કામગીરી માટે નીચે મુજબના આઇ.ટી. હાર્ડવેર ખરીદવાના થાય છે.

| Sr | Hardware Name | Qty | Unit Price (Approx) | Total Cost (Approx) |
|---|---|---|---|---|
| 1 | Desktop Computer | 12 | 70,000 | 8,40,000 |
| 2 | Printer | 12 | 25,000 | 3,00,000 |
| 3 | Scanner | 2 | 25,000 | 50,000 |
| Total Cost | | | | **11,90,000** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરમાંથી કચેરીની હાલની જરૂરીયાત તેમજ મહેકમની સ્થિતિને ધ્યાને લઇ નીચે મુજબના હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.

| Sr | Hardware Name | Qty |
|---|---|---|
| 1 | Desktop Computer | 08 |
| 2 | Printer | 10 |
| 3 | Scanner | 2 |

- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk

Bid ના SPC(IT)ની મજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમ

(૧૭) ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમની કચેરી માટે આઇ.ટી. હાર્ડવેર ખરીદવાની દરખાસ્ત.

- નિગમની ધિરાણ,વસુલાત અને અન્ય તમામ પ્રકારની કામગીરી કોમ્પ્યુટર મારફતે થાય છે. જેમાં અરજદારોની ઓનલાઇન અરજીઓની ચકાસણી કરવી, નોટીસ જનરેટ કરવી વગેરે કામગીરી કરવાની રહે છે.હાલમાં, નિગમ પાસે ઉપલબ્ધ હાર્ડવેરનો મરામતનો ખર્ચ વધુ આવે છે. જેથી જૂના હાર્ડવેર કન્ડમ કરી તેની જગ્યાએ નવા હાર્ડવેર ખરીદવાના થાય છે. તેમજ નિગમ ખાતે હાલ સ્કેનર ઉપલબ્ધ નથી. આથી, નિગમની સૂચારૂ કામગીરી માટે નીચે મુજબના આઇ.ટી. હાર્ડવેર ખરીદવાના થાય છે.

| Sr | Hardware Name | Qty | Unit Price (Approx) | Total Cost (Approx) |
|---|---|---|---|---|
| 1 | Desktop Computer | 15 | 70,000 | 10,50,000 |
| 2 | Printer | 15 | 25,000 | 3,75,000 |
| 3 | Scanner | 2 | 25,000 | 50,000 |
| Total Cost | | | | **14,75,000** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરમાંથી કચેરીની હાલની જરૂરીયાત તેમજ મહેકમની સ્થિતિને ધ્યાને લઇ નીચે મુજબના હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.

| Sr | Hardware Name | Qty |
|---|---|---|
| 1 | Desktop Computer | 12 |
| 2 | Printer | 08 |
| 3 | Scanner | 2 |

- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડની ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમ

(૧૮) ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની લોન યોજનાના AMC માટેની દરખાસ્ત.

- પોર્ટલ :ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ (ડેવલપર : GIPL)
- કામગીરી : AMC Renewal of Loan Scheme

| No. | Particulars | Work Order Cost (A) | AMC Contract Period | GIPL Proposed Rate | DIT Vetted Rate @15% |
|---|---|---|---|---|---|
| 1 | AMC of online Loan Scheme | Rs. 14,00,000 | 08/01/2025 To 07/01/2026 | Rs.2,10,000 | **Rs.2,10,000** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની ઉક્ત લોન યોજનાના મેઇન્ટેનન્સના સમયગાળાને ઇ-સમાજ કલ્યાણ પરની બાકીની યોજનાઓના મેઇન્ટેનન્સના સમયગાળા(તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૫) સાથે સુસંગત કરી શકાય તે માટે ઉક્ત લોન યોજના માટે **તા.૦૮/૦૧/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫** સુધીના સમયગાળા માટે Maintenance Contract ની કામગીરી Directorate of ICT & e-Governance (DIT) દ્વારા કરેલ વેટીંગના દરે Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ઉક્ત મેઇન્ટેનન્સની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

(૧૯) ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની વેબસાઇટના AMC માટેની દરખાસ્ત.

- ડેકલપર : GIPL
- કામગીરી : AMC Renewal of CMS based Website

| No. | Particulars | Work Order Cost (A) | AMC Contract Period | GIPL Proposed Rate | DIT Vetted Rate |
|---|---|---|---|---|---|
| 1 | AMC of CMS based Website | Rs.3,14,735 | 18/06/2024 To 17/06/2025 | Rs.62,947 | **Rs.60,000** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની વેબસાઇટના તા.૧૮/૦૬/૨૦૨૪ થી તા.૧૭/૦૬/૨૦૨૫ સુધીના સમયગાળા માટે GIPL પાસે કરાવેલ AMC ની કામગીરીને Directorate of ICT & e-Governance (DIT) દ્વારા કરેલ વેટીંગના દરે આઇ.ટી. કમિટીએ પાશ્વાર્તવર્તી અસરથી મંજૂરી આપેલ છે.
- ઉક્ત AMC ની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપેલ હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

## ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ

(૨૦) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની યોજનાનાઓના AMC માટેની દરખાસ્ત. (Proposals submitted by GIPL)

- પોર્ટલ :ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ (ડેવલપર : GIPL)
- કામગીરી : AMC Renewal of Scheme

| No. | Particulars | Work Order Cost (A) | AMC Contract Period | GIPL Proposed Rate | DIT Vetted Rate @15% |
|---|---|---|---|---|---|
| 1 | AMC of Design, Development of Direct Finance Scheme | Rs.15,22,583 | 02/12/2024 To 01/12/2025 | Rs.2,28,388 | **Rs.2,28,388** |
| 2 | AMC of AWN of online application draw for Direct Finance Scheme | Rs.2,33,772 | 01/12/2023 To 30/11/2025 **(2 Year)** | Rs.70,132 | **Rs.70,132** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની ઉક્ત સીધા ધિરાણની યોજના અને તેના AWNના મેઇન્ટેનન્સના સમયગાળાને ઇ-સમાજ કલ્યાણ પરની બાકીની યોજનાઓના મેઇન્ટેનન્સના સમયગાળા(તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૫) સાથે સુસંગત કરી શકાય તે માટે ઉક્ત સીધા ધિરાણની યોજના અને તેના AWNના મેઇન્ટેનન્સના સમયગાળાને નીચે મુજબ આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

| No. | Particulars | AMC Contract Period |
|---|---|---|
| 1 | AMC of Design, Development of Direct Finance Scheme | 02/12/2024 To 30/09/2025 |
| 2 | AMC of AWN of online application draw for Direct Finance Scheme | 01/12/2023 To 30/09/2025 |

- ઉક્ત AMC ની કામગીરી Directorate of ICT & e-Governance (DIT) દ્વારા કરેલ વેટીંગના દરે GIPL ને આપવા આઇ.ટી. કમિટીએ અસરથી મંજૂરી આપેલ છે.
- ઉક્ત મેઇન્ટેનન્સની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

## ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ

(૨૧) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમની કચેરી માટે આઇ.ટી. હાર્ડવેર ખરીદવાની દરખાસ્ત.

- નિગમ ખાતે હાલ સ્વરોજગારલક્ષી અને શૈક્ષણિક લોન યોજનામાં ધિરાણ આપવાની કામગીરી થાય છે. નિગમ ખાત ઉપલબ્ધ કોમ્પ્યુટરમાંથી ૦૨-બંધ હાલતમાં અને બાકીની જૂના વર્ઝનવાળી છે. જ્યારે ૦૩-પ્રિન્ટર બંધ હાલતમાં છે. આથી નીચેની વિગતે નવા આઇ.ટી. હાર્ડવેર ખરીદવાની જરૂરીયાત છે.
- **બજેટ જોગવાઇ : રૂ.૫૦.૮૮ લાખ ઉપલબ્ધ (વર્ષ: ૨૦૨૫-૨૬)**

| Sr | Hardware Name | Qty | Unit Price (Approx) | Total Cost (Approx) |
|---|---|---|---|---|
| 1 | Desktop Computer | 02 | 60,000 | 1,20,000 |
| 2 | Muti Function Printer | 02 | 30,000 | 60,000 |
| Total Cost | | | | **1,80,000** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- સદરહુ દરખાસ્તમાં જણાવેલ હાર્ડવેરનો Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરવામાં આવેલ Bulk Bid માં સમાવેશ કરી અને GIL મારફત ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ સૈદ્ધાંતિક મંજૂરી આપેલ છે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

## અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ દરખાસ્ત.

(૨૨) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની કચેરીઓ માટે પ્રિન્ટરની ખરીદીમાં આવેલ L1 ભાવને મંજૂરી આપવાની દરખાસ્ત.

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની કચેરી માટે ૯૦-નંગ પ્રિન્ટરની ખરીદી GIL ની Bulk Bid મારફત કરવા તા.૨૪/૦૬/૨૦૨૪ ની આઇ.ટી. કમિટીમાં સૈદ્ધાંતિક મંજૂરી મળેલ હતી.
- GIL દ્વારા પ્રિન્ટરની ખરીદી માટે કરેલ Bulk Bidમાં આવેલ L1 Agencyની ૧૧૧મી SPC(IT)ની મંજૂરી મેળવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Sr | Hardware | L1 Agency | Qty | L1 Rate | Total Price |
|---|---|---|---|---|---|
| 1 | A4 size duplex printer (Brother HL-B2180DWB) | M/s Armee Infotech Ltd | 90 | Rs.19018 | Rs.17,11,620 |
| GIL Service Charge@3% | | | | | Rs. 51,349 |
| Total Cost | | | | | **Rs.17,62,969** |

**<u>આઇ.ટી. કમિટીનો નિર્ણય:</u>**

- નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)ની કચેરી માટે ૯૦-નંગ પ્રિન્ટરની Gujarat Informatics Ltd.(GIL) દ્વારા કરેલ બલ્ક બીડમાં આવેલ L1 Agency M/s Armee Infotech Ltd પાસેથી L1 Price થી ખરીદી કરવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- વધુમાં, આઇ.ટી. કમિટીએ સ્પષ્ટ સૂચના આપેલ છે કે, GIL ની Bulk Bid માં આ વિભાગના ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની સાથે અન્ય વિભાગના હાર્ડવેરનો પણ સમાવેશ થતો હોઇ અને બલ્ક બીડ મારફત થતી ખરીદી એક કરોડથી ઉપરની હોઇ, GIL દ્વારા Bulk Bid ની SPC(IT)ની મંજૂરી મેળવ્યા બાદ ખરીદી માટે આગળની કાર્યવાહી કરવાની રહેશે. આ વિભાગની આઇ.ટી. કમિટી માત્ર ઉક્ત કોષ્ટકમાં જણાવેલ હાર્ડવેરની ખરીદી માટે જ મંજૂરી આપે છે.

(૨૩) નિયામકશ્રી(સમાજ સુરક્ષા)ની ૦૪- યોજનાઓને ઇ- સમાજ કલ્યાણ પોર્ટલ પરા ઉપલબ્ધ કરવા બાબતની દરખાસ્ત.

- નિયામકશ્રી (સમાજ સુરક્ષા)ની મોટાભાગની યોજનાઓ/MIS ઇ-સમાજકલ્યાણ પોર્ટલ પરા ઓનલાઇન ઉપલબ્ધ છે. તેની સાથે નીચેની ચાર યોજનાઓને પણ ઇ-સમાજકલ્યાણ પોર્ટલ પર ઉપલબ્ધ કરવાની હોઇ, GIPL દ્વારા ઓનલાઇન એપ્લિકેશન ડેવલપમેન્ટ માટેના ખર્ચ સાથે વિગતવાર દરખાસ્ત મોકલી આપેલ છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | યોજનાનું નામ | ડેવલપમેન્ટ ખર્ચ (ટેક્ષ વગર) |
|---|---|---|
| ૧ | અસ્થિ વિષયક દિવ્યાંગોને ટુ-વ્હીલર ખરીદવા માટે સહાય આપવાની યોજના | રૂ.૧૩,૪૯,૬૪૦ |
| ૨ | બૌદ્ધિક અસમર્થતા ધરાવતા દિવ્યાંગોને આર્થિક સહાય આપવાની યોજના | રૂ.૬,૭૪,૮૨૦ |

| | | |
|---|---|---|
| ૩ | દિવ્યાંગોને મોટરાઈઝડ ટ્રાયસીકલ અને જોયસ્ટીક વ્હીલચેર આપવાની યોજના | રૂ.૧૦,૧૨,૨૩૦ |
| ૪ | પાલક માતા-પિતા યોજના અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દીકરીઓને રૂ.૨ લાખની લગ્ન સહાય આપવાની યોજના | રૂ.૬,૭૪,૮૨૦ |
| | કુલ | રૂ.૩૭,૧૧,૫૧૦ |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- નિયામકશ્રી (સમાજ સુરક્ષા)ની ઉક્ત ચાર યોજનાઓને ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પર ઓનલાઇન કરવા માટેની કામગીરી Gujarat InfoPetro Ltd.(GIPL)ને આપવા આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- GIPL ની ઉક્ત દરખાસ્તનું Directorate of ICT & e-Governance (DIT) પાસે વેટીંગ કરાવવાની શરતે આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ઉક્ત AWN ની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઇ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

## ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

(૨૪) ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટીની યોજનાનાઓ અને વેબસાઇટના AMC માટેની દરખાસ્ત.

- ડેવલપર : GIPL
- કામગીરી : AMC Renewal of Scheme & Website

| No. | Particulars | Work Order Cost (A) | AMC Contract Period | GIPL Proposed Rate | DIT Vetted Rate @15% |
|---|---|---|---|---|---|
| 3 | AMC of Content Management System(CMS) based Website | Rs.2,54,645 | 08/06/2025 To 07/06/2026 | Rs.60,000 | **Rs.60,000** |
| 1 | AMC of AWN for uploading photos of Food Menu(Morning, Afternoon and Evening ) and Attendance System | Rs.2,02,118 | 05/07/2025 To 04/07/2026 | Rs.30,318 | **Rs.30,318** |
| 2 | AMC of AWN of eGram integration of Samras Admission Portal | Rs.1,00,000 | 15/03/2025 To 14/03/2026 | Rs.15,000 | **Rs.15,000** |

**આઇ.ટી. કમિટીનો નિર્ણય:**

- ગુજરાત સમરસ છાત્રાલય સોસયટીની ઉક્ત દરખાસ્તના કોષ્ટકના ક્રમ-૧ માં જણાવેલ વેબસાઇટના મેઇન્ટેનન્સને આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.
- ગુજરાત સમરસ છાત્રાલય સોસયટીની ઉક્ત કોષ્ટકના ક્રમ-૧ અને ક્રમ-૨ માં જણાવેલ યોજનાના AWN ના મેઇન્ટેનન્સના સમયગાળાને ઇ-સમાજ કલ્યાણ પરની બાકીની યોજનાઓના મેઇન્ટેનન્સના સમયગાળા(તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૦/૦૯/૨૦૨૫) સાથે સુસંગત કરી શકાય તે માટે ઉક્ત કોષ્ટકના ક્રમ-૧ અને ક્રમ-૨ માં જણાવેલ યોજનાના AWN ના મેઇન્ટેનન્સના સમયગાળાને નીચે મુજબ આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ છે.

| No. | Particulars | AMC Contract Period |
|---|---|---|
| 1 | AMC of AWN for uploading photos of Food Menu(Morning, Afternoon and Evening ) and Attendance System | 05/07/2025 To 30/09/2025 |
| 2 | AMC of AWN of eGram integration of Samras Admission Portal | 15/03/2025 To 30/09/2025 |

- ઉક્ત AMC ની કામગીરી Directorate of ICT & e-Governance (DIT) દ્વારા કરેલ વેટીંગના દરે GIPL ને આપવા આઇ.ટી. કમિટીએ અસરથી મંજૂરી આપેલ છે.

- ઉક્ત મેઈન્ટેનન્સની કામગીરી GIPL ને નોમિનેશન આધારે આપતા હોઈ, ઉક્ત દરખાસ્તને SPC(IT) કમિટીની મંજૂરી મેળવવાની રહેશે.

બેઠકમાં અન્ય કોઈ મુદ્દા ન હોઈ, અધ્યક્ષશ્રીએ હાજર રહેલ સૌનો આભાર માની બેઠક પૂર્ણ થયેલ જાહેર કરી.

**(પ્રશાંત એચ.ખખ્ખર)**

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

*Signature Not Verified*

*Signed by:Prashant H. Khakhkhar*
*Under Secretary*
*Date:2025.08.18*
*16:42:09 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ક્રમાંક: SJED/ITC/e-file/17/2025/0239/Computer Cell
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં. ૫, ૯ મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૫

નકલ રવાના પ્રતિ :

(૧) અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) અગ્ર સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(3) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ.,બ્લોક નં.૨,૨જો માળ,ડી વીંગ,કર્મયોગી ભવન,સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

(૫) સંયુક્ત સચિવશ્રી (વિ.જા.ક./અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નાયબ સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૧૦) મદદનીશ નિયામકશ્રી (આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) સચિવશ્રી, ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, બ્લોક નં-૯, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, બ્લોક નંબર - ૧૦ , ૨જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક-૨/૭ મો માળ,કર્મયોગી ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર.

(૧૪) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, બ્લોક નંબર-૭,૩જો માળ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૧૫) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક-૧૬,ભોયતળીયે, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૧૬) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમ, બ્લોક-૩/ગ્રાઉન્ડ ફ્લોર,કર્મયોગી ભવન, સેક્ટર-૧૦,ગાંધીનગર.

(૧૭) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ,બ્લોક નંબર-૧૯, ૨જો માળ,ડૉ જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૧૮) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ,કર્મયોગી ભવન, બ્લોક નં-૧,બી-૧ શાખા, સેક્ટર ૧૦/એ,ગાંધીનગર

(૧૯) વહીવટી અધિકારીશ્રી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી, બ્લોક નંબર - ૪ , પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨૦) સિસ્ટમ, મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.- **વિભાગની વેબસાઈટ પર ઉપ્લબ્ધ કરવા સારૂ.**

(૨૧) સિલેક્ટ ફાઈલ-૨૦૨૫

**(ક્રિમ્પાલ મોરી)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

*Signature Not Verified*
Signed by:Krimpal Mori
Section Officer
Date:2025.08.12
15:15:10 +5:30

સા.ન્યા. અને અ.વિ./કો.સેલ

તા.૨૧/૦૭/૨૦૨૫ ને સોમવારના રોજ ૩:૩૦ કલાકે આઇ.ટી.કમિટીની બેઠકમાં હાજર રહેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની યાદી.

| Sr. | Officer Name | Designation | Office Name | Contact | Sign |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | જી. ના. પટેલ | સંયુક્ત સચિવ | સા. ન્યા. [illegible] | | [signature] |
| 4 | એન. એચ. ગઢવી | સં.સ. | સા.ન્યા. અને અધિ. | | [signature] |
| 5 | ડી. એસ. શર્મા | ના.સ. | SJED | | [signature] |
| 6 | [illegible] | ઉપસચિવ | સા.ન્યા. [illegible] | 98488 [illegible] | [signature] |
| 7 | ડૉ. બી. એમ. પટેલ | સંયુક્ત કમિશ્નર | વિ.જા. | [illegible] | [signature] |
| 8 | Dr. A.T. Khumal | DD | DCW | 9725573194 | A.T. Khumal |
| 9 | [illegible] મોદી | SO(IT) | SJED | | [signature] |
| 10 | Hiren Patel | AM(IT) | GIL | [illegible] | H.B.Patel |
| 11 | | | | | |
| 12 | | | | | |
| 13 | | | | | |
| 14 | | | | | |
| 15 | | | | | |
| 16 | | | | | |
| 17 | | | | | |
| 18 | | | | | |
| 19 | | | | | |
| 20 | | | | | |

4

તા.૨૧/૦૭/૨૦૨૫ ને સોમવારના રોજ ૩:૩૦ કલાકે આઈ.ટી.કમિટીની બેઠકમાં હાજર રહેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓની યાદી.

| Sr. | Officer Name | Designation | Office Name | Contact | Sign |
|---|---|---|---|---|---|
| 1 | Jagruti D. Suther | DS & FA | F.D. | 9428217329 | [signature] |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |
| 5 | | | | | |
| 6 | Kalpesh Patel | Dy. Director | DST | 9898599426 | [signature] |
| 7 | Kamlesh Patel | AD IT | SJED | 9662855933 | [signature] |
| 8 | R. B Khar | J.D | Di. S.C | 9979174419 | [signature] |
| 9 | H. L. Chaudhari | Dy. Director | SC welfare | 8238356896 | [signature] |
| 10 | S. L. Chaudhari | SWO | GWEDC | 9909869585 | [signature] |
| 11 | A. J. Modhvadiya | Sr. Soft. Engg. | DSCW | 9898928115 | [signature] |
| 12 | Y. L. Gamit | Clerk GSLPLR | GSLPLR | 8469429004 | [signature] |
| 13 | P. B. Ramanuj | Section Officer | DST | 7405492521 | [signature] |
| 14 | T. B. Chandaliya | Accounts officer | GSHFDC | 7229075765 | [signature] |
| 15 | [illegible] | નાયબ [illegible] | [illegible] | 7874410528 | [signature] |
| 16 | Rana Vishal | Project Manager | GIL | 9998310082 | [signature] |
| 17 | J. P. Solanki | Administrative officer | GTSCS | 9099368619 | [signature] |
| 18 | Jagdish Vadhvana | M.D. NTDNT | NT/DNT Corporation | 9978404499 | [signature] |
| 19 | N. C. Patel. | MD GTKVN | GTKVN Corp. | 9978581591 | [signature] |
| 20 | Tejas Gandhi | project manager | GIL | 9726290370 | [signature] |